ગુજરાતમિત્ર



SELFIE WITH GANESH

તમે અમને સેલ્ફી મોકલી શકો છો

\Gujaratmitra



શ્રીરંગ આયરે-રાજેશભાઇ આયરે,સુભાનપુરા



દેવરે પરિવાર,ઉપલા ફળિયા,પથ્થરગેટ



ધર્મેશ સોલંકી, સૂર્યદર્શન,માંજલપુર



સપના -જ્ઞાનેશ શુક્લા,તરૂણનગર સો.,



કિરન પુરોહિત, સયાજીગંજ



શ્વેતા કહાર, નારાયણ નગર સોસાયટી

### એફોર્ડેબલ હાઉસિંગમાં દેવર્ષિ રાવલની કરાર મુદત 11 મહિના લંબાવવા દરખાસ્ત

# 20 કર્મીમાંથી 15 ઈજનેર છતાં મુખ્ય કામગીરી કરાર આધારિત દેવર્ષિ રાવલના ભરોસે

**એફોર્ડેબલ** હાઉસિંગમાં 2015થી કરાર આધારિત દેવર્ષિ રાવલ, 18,000થી 38,500 સુધી વેતન વધ્યું, હવે મુદત લંબાવવા દરખાસ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસિંગ વિભાગમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીને લગતી કામગીરી માટે સોશ્યલ ડેવલોપમેન્ટ સ્પેશ્યાલિસ્ટ તરીકે સેવાઓ આપતા દેવર્ષિ યશોધરભાઈ રાવલની કરાર આધારીત નિમણૂકની મુદત લંબાવવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજુ થઈ છે. દેવર્ષિ રાવલની નિમણૂક વર્ષ 2015થી કરાર આધારિત કરવામાં આવી છે. પ્રથમ વખત તેમને માસિક રૂ.18,000 વેતનથી નિમણૂક આપવામાં આવી હતી. હાલમાં તેમનું વેતન વધારીને રૂ.38,500 કરવામાં આવ્યું છે. છેલ્લે તેમની મુદત 13/09/2024 થી વધારીને 12/08/2028 સુધી કરવામાં આવી હતી. હવે તેમની મુદત 18/08/2028 થી વધુ 11 મહિના લંબાવવાની દરખાસ્ત મૂકાઈ છે. એફોર્ડેબલ હાઉસિંગ સેલમાં હાલ BSUP, RAY અને PMAY યોજનાઓના મિશન પીરિયડ દરમિયાન લાભાર્થીને લગતી કામગીરી ચાલુ છે. વિભાગ મુજબ દેવર્ષિ રાવલને વર્ષ 2015થી સતત અનુભવ છે અને તેઓએ સંતોષકારક કામગીરી આપી છે. તેથી તેમની સેવાઓ ચાલુ રાખવી જરૂરી હોવાનું વિભાગનું માનવું છે.

બીજી તરફ, વિભાગમાં હાલ બે સોશ્યલ ડેવલોપમેન્ટ સ્પેશ્યાલિસ્ટ સહિત કુલ 20 કર્મચારીઓનો સ્ટાફ છે જેમાં 15 ઈજનેરો પણ સામેલ છે. તેમ છતાં મહત્વની જવાબદારીઓ કરાર આધારિત કર્મચારીઓને જ સોંપવામાં આવે છે તે મુદ્દે પ્રશ્નો ઊભા થયા છે. પાલિકા બેડામાં ચર્ચા છે કે આ પ્રકારની કામગીરી કાયમી કર્મચારીઓને સોંપવી જોઈએ. સ્થાયી સમિતિમાં દરખાસ્ત રજૂ થયા બાદ સામાન્ય સભામાં મંજૂરી માટે મોકલાશે.

## સભ્યોની કમિશનરને રજૂઆત બાદ સ્વિમિંગ પૂલ મેન્ટેનન્સ ફી વસૂલાત સ્થગિત કરવાની દરખાસ્ત

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત સ્વિમિંગ પૂલોમાં આજીવન સભ્યો પાસેથી વસૂલવામાં આવતી વાર્ષિક મેન્ટેનન્સ ફી પેટે 1000 રૂપિયાની વસૂલાતનો નિર્ણય હાલ સ્થગિત કરવા માટેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. પાલિકા હસ્તકના ટુરિસ્ટ વિભાગ દ્વારા શહેરના સ્વિમિંગ પૂલનું સંચાલન કરવામાં આવે છે. સભ્યો પાસેથી માસિક અને વાર્ષિક સભ્યપદની ફી લેવામાં આવે છે અને નીતિનિયમો મુજબ પ્રવેશ આપવામાં આવે છે. તાજેતરમાં 2025-26ના ડ્રાફ્ટ બજેટ અંગે સામાન્ય સભામાં ચર્ચા દરમ્યાન કેટલાક સભાસદોએ આજીવન સભ્યો પાસેથી વાર્ષિક મેન્ટેનન્સ ફી વસૂલવાનો પ્રસ્તાવ મુક્યો હતો. સમગ્ર સભાએ આ સૂચનને બહાલી આપી મંજુર કર્યું હતું. જેના આધારે ઠરાવ નંબર 121 તારીખ 19-02-2025 મુજબ તમામ આજીવન સભ્યો પાસેથી 1000 રૂપિયા મેન્ટેનન્સ ફી વસૂલવાની વ્યવસ્થા અમલમાં આવી. જો કે, આ મુદ્દે ફરીથી વિચારણા કરતા હવે કમિશનર દ્વારા આ નિર્ણયને હાલ માટે સ્થગિત કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, ટુરિસ્ટ વિભાગ તરફથી પણ મેન્ટેનન્સ માટે કોઈ રજૂઆત કરવામાં આવી નહોતી. તેમ છતાં સ્થાયી સમિતિએ આ નિર્ણય લીધો હતો. અત્યાર સુધીમાં સરદાર બાગ સ્વિમિંગ પૂલના 50, રાજીવ ગાંધી સ્વિમિંગ પૂલના 16, કારેલીબાગ સ્વિમિંગ પૂલના 35 અને લાલબાગ સ્વિમિંગ પૂલના 10 એમ કુલ 111 આજીવન સભ્યો પાસેથી પ્રતિ સભ્ય દીઠ 1000 રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. આ પ્રમાણે કુલ 1,11,000 રૂપિયાની વસૂલાત થઈ ચૂકી છે. વધુમાં, અનેક આજીવન સભ્યોએ મેન્ટેનન્સ ફીનો વિરોધ કર્યો હતો અને કમિશનરને રજૂઆત પણ કરી હતી. સભ્યોની આ માંગણીને ધ્યાનમાં લઈ હવે મેન્ટેનન્સ ચાર્જને હાલ માટે સ્થગિત કરવાની દરખાસ્ત મુકાઈ છે.



માજી નગર યુવક મંડળ,વાઘોડિયા રોડ



પટેલનગર સોસાયટી-છાણી



જેનિલ દીક્ષીત પટેલ,રૂપાટેકરી,મોગરી



સાકેત યુવક મંડળ,ખોડિયારનગર



અર્થ આઇકોન-2, ખોડિયારનગર



મનમોહન સમોસા,મહાવીર હોલ ચાર રસ્તા

## ભારતના બાયોફ્યુઅલ પ્રોત્સાહન વચ્ચે દાવણગેરે સુગરે મહત્વાકાંક્ષી વિસ્તરણ નકશો તૈયાર કર્યો

વડોદરા : ભારત સ્વચ્છ ઈંધણ અને ગ્રામીણ ઔદ્યોગિકીકરણ તરફ તેના સંક્રમણને વેગ આપી રહ્યો છે ત્યારે, દાવણગેરે સુગર કંપની લિમિટેડ સરકારની અનુકૂળ નીતિ, ઈથેનોલની વધતી માંગ અને ગાઢ ખેડૂત ભાગીદારીનો લાભ ઉઠાવીને વૃદ્ધિના આ પરિવર્તનશીલ તબક્કા માટે તૈયારી કરી રહી છે.

કર્ણાટક સ્થિત પાંચ દાયકા જૂની કંપની ડીએસસીએલ, ખાંડ, ઈથેનોલ અને રિન્યુએબલ એનર્જીમાં સંપૂર્ણ સંકલિત ભૂમિકા ભજવનાર કંપની તરીકે ઉભરી આવી છે. ક્ષમતા વિસ્તરણ, વૈવિધ્યસભર ફીડસ્ટોક ખરીદ અને મજબૂત ખેડૂત જોડાણ સહિત સુવ્યવસ્થિત વ્યૂહરચના થકી ભારતની વિકસતી બાયોઈકોનોમીનો લાભ ઉઠાવવા માટે તે ખૂબ જ સારી સ્થિતિમાં છે. ડીએસસીએલની વર્તમાન વૃદ્ધિ વ્યૂહરચના તેની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતાના ઝડપી વિસ્તરણ પર આધારિત છે, જેને ભારતના ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ (ઈબીપી) અને સ્વચ્છ ઈંધણ તરફ સરકારની મજબૂત નીતિ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. ઈબીપીને વેગ મળવાની સાથે, ડીએસસીએલ નાણાકીય વર્ષ 26માં તેની વર્તમાન 65 કેએલપીડી (કિલો લિટર પ્રતિ દિવસ) ઈથેનોલ ક્ષમતા વધારીને 85 કેએલપીડી કરવા માટે તૈયાર છે, જેમાં 110 કેએલપીડી સુધી પહોંચવાની આગામી વિસ્તરણ યોજના છે, તેમજ પાઈપલાઈનમાં 35 ટીપીડી CO રિકવરી પ્લાન્ટ પણ છે. આ રોકાણો ડીએસસીએલને સરકારની ઈથેનોલ નીતિ અને રોડમેપ સાથે સુસંગત બનાવે છે તથા કંપનીને વધારાના આવક સ્ત્રોત પૂરા પાડે છે.

### તહેવારોની ભરમાર વચ્ચે અકસ્માતોની પણ વણઝાર

## લાલબાગ બ્રિજ પર કાર ચાલકે સ્ટિયરિંગ પર કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે ભટકાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરમાં તહેવારોની ભરમાર વચ્ચે અકસ્માતોની પણ વણઝાર જોવા મળી રહી છે, તેવામાં મધરાત્રીએ લાલબાગ બ્રિજ ઉપર અકસ્માતની ઘટના બની હતી. એક કાર બેફામ આવતા સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા ધડાકાભેર ડિવાઈડર સાથે ભટકાઈ હતી. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે સદ નસીબે મોટી જાનહાનિ થતા ટળી હતી.

વડોદરા શહેરમાં આજે પણ કેટલાક વાહન ચાલકો બેફામ અને ગફલત રીતે વાહન હંકારી ટ્રાફિક નિયમનનું ઉલ્લંઘન કરતા જોવા મળ્યા છે. જેના કારણે છાસવારે થતા અકસ્માતને કારણે નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાઈ રહયા છે. ત્યારે વધુ એક અકસ્માતની ઘટના બની હતી. મધરાત્રીએ શહેરના લાલબાગ બ્રિજ ઉપર કારનો અકસ્માત સર્જાયો હતો. બેફામ રીતે કાર હંકારતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ધડાકાભેર ડિવાઈડર સાથે ભટકાઈ હતી. જેના કારણે લાલબાગ બ્રિજ ઉપર ટ્રાફિકજામ થયો હતો. જ્યારે બીજી તરફ કારના આગળના ભાગે મોટું નુકસાન થયું હતું.





સમગ્ર રોડ ઉપર કાચ કાચ પથરાઈ ગયા હતા. જ્યારે અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડ્યા હતા. જોકે આ દ્રશ્ય પરથી જ જોઈ શકાય છે કે આ કાર કેટલી સ્પીડમાં હશે. અહીં મહત્વની બાબત એ છે કે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. જ્યારે સમગ્ર મામલે આ અકસ્માત સર્જનાર ચાલક નશાની હાલતમાં હતો કે કેમ તેવા સવાલો ઉઠવા પામ્યા હતા.

## તહેવારોની સીઝન શરૂ થતાં જ ટોચના ફેસ્ટિવ ટ્રેન્ડ્સ જાહેર

વડોદરા: તહેવારોની સીઝન શરૂ થતાં, ગ્રાહકો દરેક લૂકને વ્યક્તિગત, સ્ટાઈલિશ અને મહત્વાકાંક્ષી બનાવતી મોજશોખભરી છતાં સ્માર્ટ પસંદગીઓ કરીને તેમની ઉજવણીની પદ્ધતિને જ બદલી રહ્યાં છે. એમેઝોન ફેશન ઉત્તમ મૂલ્ય, વિશ્વસનીય સુવિધા અને ઝડપી ડીલિવરીની સાથે વૈશ્વિક અને સ્થાનિક બ્રાન્ડ્સના વ્યાપક અને ક્યુરેટેડ સિલેક્શન દ્વારાઆ પરિવર્તનને શક્ય બનાવી રહ્યું છે, જેથી સમગ્ર ભારતના ગ્રાહકો સરળતા, આત્મવિશ્વાસ અને અદભૂત સ્ટાઈલની સાથે તહેવારોની ઉજવણી કરી શકે.ગેસ અને લેવી લક્સની મિની હેન્ડબેગ્સથી માંડીને સાઈકો અને કેલ્વિન ક્લેઈનની ગોલ્ડ-ટૉન વૉચિસ, સ્વારોવ્સ્કી, કેરેટલેન અને ગીવાની ઝગઝગતી જ્વેલરી, સ્કેચર્સ અને કન્વર્સની સ્ટ્રેપી હીલ્સતથા સેમ્સોનાઈટ, મોકોબારા અને સ્વિસ મિલિટરીના સ્લીક, ટ્રેકેબલ લગેજનાવિકલ્પો સુધીતહેવારના દરેક પ્રસંગ માટે અનુકૂળ આ સીઝનનાટોચનાવિકલ્પો અંગે જાણકારી મેળવો.

## આજવા રોડ પર તલવાર લઈ દુકાન સંચાલક સાથે દાદાગીરી કરતો શખ્સ

**બાપોદ** પોલીસે તુરંત સ્થળ પર જઇને એકતાનગરના માથાભારે શખ્સને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

આજવા રોડ પર આવેલા એકતાનગરમાં રહેતો શખ્સ હાથમાં ખુલ્લી તલવાર લઈને દુકાન સંચાલક સાથે દાદાગીરી કરી રહ્યો હતો. જેથી બાપોદ પોલીસે તુરંત સ્થળ પર પહોંચી આરોપીની હથિયારબંધીના જાહેરનામા ભંગ બદલ ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના અસામાજિક તત્વોને જાણે પોલીસને કોઇ પ્રકારની ડર રહ્યો ન હોય તેમ બિન્દાસ્ત રીતે ખુલ્લેઆમ હથિયારો સાથે જાહેર રોડ પર ધસી આવી લોકો સાથે દાદાગીરી કરતા હોય છે. ત્યારે તેવો જ કિસ્સો આજવા રોડ પર સામે આવ્યો છે. જેમાં પંચમ ચાર રસ્તા પાસે 1 સપ્ટેમ્બરના રોજ રાત્રીના સમયે એક શખ્સ હાથમાં ખુલ્લી તલવાર લઈને ધસી આવ્યો હતો અને દુકાન



સંચાલક સાથે દાદાગીરી કરવા લાગ્યો હતો. જેની જાણ બાપોદ પોલીસને થતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળ પર પહોંચી ગઇ હતી તલવાર લઈને ફરતા જાવેદખાન ઉર્ફે માછો યુસૂફખાન પઠાણ (રહે.,એકતાનગર આજવા રોડ વડોદરા) ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા કયા કારણોસર તલવાર લઈને આવ્યો હતો અને તેની પૂછપરછ હાથ ધરાતા આરોપીએ કોઈ સંતોષકારક જવાબ આપતો ન હતો. જેથી પોલીસે તલવાર કબજે કરી જાવેદ ખાન સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અનગઢ વહીવટના કારણે રસ્તા પર ફરી પાણી વહેતું થતા રહીશોના રોષ

## નવીધરતી વિસ્તારમાં બૂસ્ટર લીકેજથી હજારો લિટર પીવાના પાણીનો વેડફાટ

**શહેરના** અનેક વિસ્તારોમાં પીવાના પાણી માટે વલખાં તો બીજી તરફ પીવાના પાણીનો વ્યય

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરના વોર્ડ નં. 7ના નવીધરતી વિસ્તારમાં પીવાના પાણી માટે મૂકાયેલા બૂસ્ટર પંપના વાલ્વમાં વારંવાર લીકેજ થતા હજારો લિટર પીવાનું પાણી રોડ પર વહેતું થાય છે. પરિણામે, માર્ગ પર પાણી ભરાઈ જતા વાહનચાલકો તથા રાહદારીઓ માટે મુશ્કેલી સર્જાઈ છે અને વિસ્તારના રહેવાસીઓમાં ભારે અસંતોષ જોવા મળે છે.

નિવાસીઓ જણાવે છે કે, અગાઉ પણ પાલિકા અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રીતે ફરિયાદો કરવામાં આવી હોવા છતાં હાલ સમસ્યાનું સમાધાન કરવામાં પાલિકા નિષ્ફળ રહી છે. અનેક વિસ્તારોમાં પીવાના પાણી માટે લાઈનો લગાડવી પડે છે એવામાં બીજી તરફ લાખો લિટર પાણી વહી જવું આપણા માટે દુઃખદ છે. શહેરના અન્ય વિસ્તારોમાં પણ



પાણીની અછત જોવા મળે છે ત્યારે નવીધરતી વિસ્તારમાં આવું પાણીનો વ્યય થવો રહેવાસીઓમાં રોષ પેદા કરે છે. લોકો પલિકાની વોર્ડ ઓફિસમાં આવી ફરિયાદ કરે છે, તો ક્યાંક તેમના રોષ તરીકે માટલા ફોડે છે. રહેવાસીઓએ તાત્કાલિક લીકેજ દૂર કરી પાણી બચાવવાની તેમજ નિયમિત દેખરેખ રાખવાની માગ કરી છે.

### સેવાલીયા-ટીંબા વિસ્તારથી બ્લેક ટ્રેપ ગ્રીટ ખરીદી માટે 4.15 કરોડનો ખર્ચ થશે

## ગ્રીટની સાઈઝ-પ્રકાર સ્પષ્ટ કર્યા વિના 54% વધારે ભાવે ઈજારો મંજૂર કરવા દરખાસ્ત

**7-8 પ્રકારની** ગ્રીટ માટે અલગ અલગ દર, કઈ ગ્રીટ ઉપયોગમાં લેવાશે તેની સ્પષ્ટતા જરૂરી : R&B કાર્યપાલક ઈજનેર

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકા રસ્તા શાખા માટે સેવાલીયા-ટીંબા વિસ્તારથી બ્લેક ટ્રેપ ગ્રીટ ખરીદવાનું કામ વાર્ષિક ઈજારાથી કરવાનો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં રજૂ થયો છે. મીક્ષમાલ તૈયાર કરવા માટે ગ્રીટનો મુખ્ય ઉપયોગ થતો હોવાથી અટલાદરા ડ્રમ મીક્ષ પ્લાન્ટ માટે ગ્રીટની જરૂરિયાત ઉભી થઈ છે. આ કામ માટે 3.38 કરોડ રૂપિયાનું અંદાજ મંજૂર થયેલું હતું. જેમાંથી 2.68 કરોડ રૂપિયાનું કામ ઈ-ટેન્ડરિંગ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. ત્રીજા પ્રયાસે માત્ર એક જ ઈજારદાર મે. બી.ડી. સોરઠીયાએ ટેન્ડર ભર્યું હતું. શરૂઆતમાં તેમનો દર અંદાજ કરતાં 57.34 ટકા વધારે હતો. ભાવ ઘટાડાની માંગણી પછી તેમણે અંદાજ કરતાં 54.36 ટકા વધારે દર દર્શાવ્યો છે. ઈજારદાર દ્વારા પ્રતિ મેટ્રિક ટન 830 રૂપિયાનું ભાવ આપવામાં આવ્યું છે. કુલ 4.15 કરોડ રૂપિયાનું કામ (GST સિવાય) થવાનું છે. હાલનો જુનો ઈજારો પુર્ણ થઈ ગયો છે અને તહેવારોને ધ્યાને લેતાં પેચવર્કના કામ માટે ગ્રીટનો જથ્થો તાત્કાલિક જરૂરી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

દરખાસ્તમાં એવું કહેવાયું છે કે, પ્રતિ મેટ્રિક ટનના ભાવ R|B ના SOR મુજબ નક્કી કરાયા છે. પરંતુ, ગ્રીટની સાઈઝ શું હશે, કેવા પ્રકારની ગ્રીટ હશે તે અંદર દર્શાવાયું નથી. વધુમાં માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર કૌશલ બ્રહ્મભટ્ટના જણાવ્યા અનુસાર, 7 થી 8 પ્રકારની ગ્રીટ આવે છે. જેથી કઈ ગ્રીટ ઉપયોગમાં લેવાશે તેના આધારે અલગ અલગ SOR રેટ હોય છે. ત્યારે હવે મૂળ કિંમત કરતા 54.36 ટકા ઊંચા ભાવે ટેન્ડર મંજૂર થયું છે.

## ગોરવાની પુષ્પક ટાઉનશીપ ખાતે 56 ભોગ તથા મહાઆરતીનો કાર્યક્રમ



(પ્રતિનિધિ) વડોદરા તા.2

શહેરના ગોરવા - ઉંડેરા રોડ સ્થિત આશરે 80 જેટલા મકાનો ધરાવતી પુષ્પક ટાઉનશીપ ખાતે છેલ્લા 22 વર્ષોથી શ્રીજીની સ્થાપના કરવામાં આવે છે ત્યારે સતત આ 23મા વર્ષે પણ શ્રીજીની સ્થાપના કરવામાં આવી છે જેના ભાદરવા સુદ નોમ ને સોમવારે અહીં શ્રીજીને 56 ભોગ સાથે મહા આરતી નું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં શ્રીજીની સ્થાપના થી માંડીને વિસર્જન દરમિયાન દરરોજ ભજન કિર્તન, આરતી તથા 56 ભોગ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જેમાં પુષ્પક ટાઉનશીપના પ્રમુખ કિશોરભાઈ, ઉપપ્રમુખ ઉદ્યોગપતિ રાજેશભાઈ પાઠક, રેખાબેન,કમિટિના સભ્યો રાજેન્દ્રસિંહ, પ્રકાશભાઈ, બિપીનભાઈ, અમીતભાઈ, છાયાબેન, નિલમબેન તથા નીતિનભાઈ દ્વારા સફળતા પૂર્વક શ્રીજી ઉત્સવ ની ઉજવણી કરવામાં આવી રહી છે.

## રઘુવંશી લોહાણા મહિલા મંડળ દ્વારા 1008 લાડુની આહુતી સહિતનો ગણેશ યજ્ઞ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

શ્રી રઘુવંશી લોહાણા મહિલા મંડળ દ્વારા ઈલોરા પાર્ક સ્થિત શ્રી રઘુવંશી જલારામ કોમ્યુનિટી સેન્ટર ખાતે ગણપતિના આ 10 દિવસનું મહત્વ અને ધ્યાનમાં રાખીને 1008 લાડુની આહુતી સહિતનો ગણેશ યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં 37 જેટલા યજમાનોએ ભાગ લીધો હતો. આ યજ્ઞનો અને પૂજા અભિષેક, યજ્ઞનું મહત્વ એટલા માટે વધી જાય છે કે એની પાછળનો મહિલા મંડળ નો ઉદ્દેશ ફક્ત અને ફક્ત જન કલ્યાણ, સમાજ કલ્યાણ,અને વિશ્વ કલ્યાણનો હતો.આ હેતુ સાથે બધાજ ભાવિક ભક્તો પણ એમાં જોડાયા હતા. ઉત્તર ભારતમાં થઈ રહેલી



કુદરતી હોનારત,પૂરની આફત, તથા અલગ અલગ દેશોમાં થતા યુદ્ધમાં હવે વિરામ થાય , સર્વત્ર શાંતિ સ્થપાઈ,તથા દેશ દુનિયા પર મંડરાઈ રહેલા આ સંકટ હવે વિઘ્નહર્તા દેવ ગજાનન ગણપતિ દૂર કરે એવી શુભકામના અને શુભ ભાવના સાથે આ પૂજા વિધિ સાથે યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું..સમાજ ના અગ્રણીઓ સહિત ઘણા ભાવિક ભક્તોએ દર્શન , આરતી,પ્રસાદ નો લાભ લીધો. શ્રી રઘુવંશી લુહાણા મહિલા મંડળ વતી પ્રમુખ રીટા રૂપારેલીયાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.